EDII

Divya Bhaskar

April 21, 2026,
Page No. 08

**FOUNDATION DAY** EDIIના 44મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી

# આંત્રપ્રિન્યોર્સ આર્થિક સૈનિકો સમાન છે, જે દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવે છે: કિશોર ખરાત

## 55 સફળ સ્ટુડન્ટ્સની વાત: ઈવેન્ટમાં 2 કોફી ટેબલ બુક પણ વિમોચિત કરવામાં આવી

ગાંધીનગરઃ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાનો 44મો સ્થાપના દિવસ ઉજવાયો. મુખ્ય અતિથિ તરીકે ઈન્ડિયન બેંક અને IDBI બેંકના પૂર્વ એમડી અને સીઈઓ કિશોર ખરાત ઉપસ્થિત રહ્યાં હતા.

તેમણે 'આંત્રપ્રિન્યોર તરીકે કેવી રીતે સફળ થવું' વિષય પર વાત કરી. તેમણે કહ્યું, 'આજે કોઈ પણ વ્યક્તિ નાનું સપનું લઈને નથી આવતો, દરેકને મોટા બિઝનેસ ગ્રૂપ બનવું છે. આજે તમે વૈશ્વિક સ્તરે જુઓ તો યુકે, યુએસએ કે પેરિસની કોઈ પણ મોટી કંપનીમાં ભારતીયો ટોચના મેનેજમેન્ટમાં જોવા મળશે. આખી દુનિયાની ટેકનોલોજી ભારતીયોના દમ પર ચાલી રહી છે.' કાર્યક્રમમાં 2 કોફી ટેબલ બુકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

## સફળ થવા માટે '7 C' ફોલો કરો

• **હિંમત (કરેજ)**: આંત્રપ્રિન્યોરશીપ ક્ષેત્રે હિંમત હોવી ખૂબ જરૂરી છે. • **મૂડી(કેપિટલ)**: બેન્કરને વિશ્વાસ અપાવવાની ક્ષમતા હોવી જોઈએ કે, તમારો બિઝનેસ સફળ થશે. • **ચરિત્ર(કેરેક્ટર)**: બિઝનેસમાં નૈતિકતા હોવી જોઈએ. • **સુસંગતતા (કન્સીસ્ટન્સી)**: નિષ્ફળતાથી પ્રયત્નશીલ રહો. • **વિચારોની સ્પષ્ટતા (ક્લેરિટી ઑફ થોટ)**: તમારું વિઝન ક્લિયર હોવું જોઈએ. • **પરિવર્તન (ચેન્જ)**: સમય સાથે બદલાવ સ્વીકારો. • **કોમ્યુનિકેશનઃ** સ્ટેકહોલ્ડર, ગ્રાહકો સાથે વાતચીત કરતાં રહો.



## આંત્રપ્રિન્યોર્સની સફળતાં રોજગારીની તકો વધારી શકે છે

નિષ્ફળતા ટૂંકા ગાળાની છે, જ્યારે સફળતા એ લાંબા ગાળાનું લક્ષ્ય છે. આંત્રપ્રિન્યોર્સ જ્યારે સફળ થાય છે, ત્યારે તેઓ પેઢીનું ભવિષ્ય સુરક્ષિત કરવાની સાથે સાથે, અનેક લોકોને રોજગારી આપીને દેશની સેવા કરે છે. આંત્રપ્રિન્યોર્સ આર્થિક સૈનિકો છે. જે રીતે સરહદ પરના સૈનિકો આપણને સુરક્ષા આપે છે, તેમ આંત્રપ્રિન્યોર્સ અર્થવ્યવસ્થાને મજબૂતી આપે છે.

આપણે ઘણીંવાર વિચારીએ છીએ કે બિઝનેસ માત્ર અમદાવાદ, મુંબઈ કે દિલ્હી જેવા મેટ્રો શહેરોમાં જ થઈ શકે. પણ સત્ય એ છે કે સાચી જરૂરિયાત અને બજાર ગ્રામીણ વિસ્તારોમાં છે. એક મોટી એમએનસી કંપનીએ જોયું કે, ગ્રામીણ મહિલાઓ માટે મોંઘી શેમ્પૂની બોટલ ખરીદવી શક્ય નથી, તેથી તેમણે 1 રૂપિયાનું પાઉચ લોન્ચ કર્યું અને આજે તેમની મોટાભાગની રેવેન્યુ ત્યાંથી આવે છે. શિક્ષિત લોકો ગામડા છોડીને શહેરોમાં સ્થાયી થાય છે, જેના કારણે કૃષિ અને ગ્રામીણ વિકાસ અટકે છે. જો તમે ગ્રામીણ અને સેમી-અર્બન વિસ્તારોમાં જશો, તો ત્યાં સ્પર્ધા ઓછી છે અને સફળતાની તકો વધારે છે.

ઘણીંવાર આંત્રપ્રિન્યોર્સ ટર્નઓવર અને પ્રોફિટ વચ્ચેનો તફાવત ભૂલી જાય છે. ટર્નઓવર એ કમાણી નથી, નફો એ સાચી કમાણી છે. બિઝનેસમાં લિક્વિડિટી (કેશ ફ્લો) જાળવો. મેં જોયું છે કે, ઘણા લોકો બિઝનેસમાં થોડા પૈસા આવતા જ મોંઘી કાર કે મોટરસાઈકલ ખરીદી લે છે, જે બિઝનેસ પર દબાણ લાવે છે.

ધંધામાં કોઈ ચેરિટી હોતી નથી, તમારો મોડેલ નફાકારક હોવો જ જોઈએ. અતિ ઉત્સાહમાં આવીને મોટા જોખમો કે ખોટા એક્વિઝિશન કરવાનું ટાળો. અંતે એટલું જ કહીશ કે, તમે જે જ્ઞાન અહીંથી મેળવ્યું છે તેને નોકરી કરીને વેડફશો નહીં. • કિશોર ખરાત, સીઈઓ, પૂર્વ એમડી, ઈન્ડિયન- IDBI બેંક